**Name of Work: C.R. to various building (Non Resi. Bldg.) of Police Sub Division, Vadodara. (Cleaning of Water Tank)**

## -:: શરતો ::-

પાણીની જુદી જુદી ક્ષમતાવાળી ઓવર હેડ ટાંકીઓ (પી.વી.સી./આર.સી.સી.) ટાંકીઓ તેમજ અન્ડર ગ્રાઉન્ડ સમ્પની સફાઇ કામગીરી નીચે જણાવેલ પધ્ધતિથી અત્રેના પ્રતિનિધિ અને ના.કા.ઇ.શ્રીની દેખરેખ હેઠળ કરવાની રહેશે. ટાંકી/સમ્પની સફાઇ પૂરી કર્યા બાદ કામગીરી સંતોષકારક પૂર્ણ કરેલ છે તેની નોંધ સર્વીસ પ્રોવાઇડરે નિયુકત કરેલ સુપરવાઇઝરે સાઇટ ઓર્ડર બુક/ડાયરીમાં તારીખવાર કરી ના.કા.ઈ.શ્રીની સહી લેવાની રહેશે. સર્વીસ પ્રોવાઇડરે નિયુકત કરેલ સુપરવાઇઝરે કરેલ કામગીરીના મુલ્યાંકન માટે ના.કા.ઇ.શ્રીનો નિર્ણય અંતિમ ગણાશે. સાઇટ ઓર્ડરબુક/મંજુર કરેલ ડાયરી બીલ સાથે રજુ કરવાની રહેશે.

(૧) સુચિત કામગીરીના ભાવો કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના નિયત થયેલ તમામ ટેક્ષ સહિતના ભરવાના રહેશે અને તેમાં વખતો વખત થયેલ સુધારા વધારા બંધનકર્તા રહેશે.

(૨) સબમર્સીબલ પમ્પથી ટાંકી/સમ્પમાંથી નકામું પાણી તેમજ કચરો સાફ કરવાનો રહેશે.

(૩) નકામા કચરાનો મશીનથી નાશ કરવાનો રહેશે.

(૪) એર જેટ મશીનથી ટાંકી / સમ્પ સાફ કરવાના રહેશે.

(૫) ટાંકી તેમજ સમ્પનું વેક્યુમ કલીનીંગ કરવાનું રહેશે.

(૬) પાણીની ટાંકીઓ તેમજ સમ્પની સફાઇ કામગીરી વખતે માન્ય એન્ટી બેકટેરીયલ દવા/કેમીકલનો છંટકાવ કરવાનો રહેશે.

(૭) નિયત થયેલ એજન્સીઓ સફાઇ કામગીરીમાં વપરાતા તમામ સાધનો પોતાના ખર્ચે અને જોખમે જાતે સ્થળે લાવવા લઇ જવાના રહેશે.

(૮) પાણીની ટાંકીઓ તેમજ સમ્પની સફાઇ કામગીરી કરતી વખતે એજન્સીના મજુરોને અથવા કર્મચારીને કે અન્ય કોઇ પણ પ્રકારની જાન માલને નુકશાન થશે તો તેની સઘળી જવાબદારી એજન્સીની અંગત રહેશે. આ અંગે દાવો કે ફરિયાદ અથવા તેને લગતા ન્યાયાલયના ખર્ચની જવાબદારી જે તે એજન્સીના શીરે રહેશે.

(૯) પાણીના સમ્પ કે ટાંકીઓની સફાઇ કામગીરી શરૂ કરતા પહેલા સક્ષમ અધિકારીશ્રીનો તેટલી કામગીરી માટે લેખીતમાં અલગથી પરવાનગી લઇ આપેલ સુચના મુજબની જ કામગીરી કરવાની રહેશે. તે સિવાયની કામગીરીનું ચુકવણું કરવામાં આવશે નહી.

(૧૦) વર્ક ઓર્ડર મળ્યા તારીખથી પુરી થતી મુદત સુધી સુચિત કામગીરી કરવા એજન્સી બંધાયેલ રહેશે. અધિકારીશ્રીની સુચના મુજબ કામ જે તે સમયે વપરાશકારોની સુવિધાને ધ્યાને રાખી કામ પુરુ કરવાનું રહેશે. આ બાબતે એજન્સી નિષ્ફળ જાય તેવા સંજોગોમાં એજન્સીના ખર્ચે અને જોખમે ખાતા દ્વારા કામ કરાવી લેવામાં આવશે. તેમાં એજન્સીનો કોઈપણ વાંધો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૧૧) સુચિત કામની અંદાજીત રકમના ૧ ટકા લેખે થતી બાનાની રકમ રૂ.5000/- ફીકસ ડીપોઝીટ સ્વરૂપે ભરેલ ભાવપત્રક સાથે રાષ્ટ્રીયકૃત/શીડયુલ બેંકની અત્રેની કચેરી નામ જોગની એક વર્ષની બાંધી મુદતની બિડવાની રહેશે. તે સિવાયનું ભાવપત્ર રદપાત્ર કરાશે.

(૧૨) જામીનગીરી અનામતની ૫ ટકા રકમની થતી રકમના ૫ ટકા રકમ ફીકસ ડીપોઝીટ સ્વરૂપે રાષ્ટ્રીયકૃત/શીડયુલ બેંકની અત્રેની કચેરીના નામ જોગની એક વર્ષની બાંધી મુદતની જમા કરાવવાની રહેશે.

(૧૩) સુચીત કામગીરીના ભાવો કરારનામું કર્યાની તારીખથી એક વર્ષ માટે બંધનકર્તા

રહેશે.

(૧૪) કરેલ કામગીરીના બીલોનું ચુકવણું ઉપલબ્ધ ફંડને અનુલક્ષીને કરવામાં આવશે તે અંગે કોઇ ફરિયાદ ધ્યાને લેવામાં આવશે નહી. તેમજ સફાઇ કામગીરી ઉપરોકત નિર્દેશીત સુચનાઓ (શરતો) મુજબ કરેલ છે. તે જે તે અંગેનું સેકશન અધિકારીશ્રીના પ્રમાણપત્ર સહિત તેવી કામગીરીનું બીલ સાદર કરવાનું રહેશે. તે સિવાય બીલનું ચુકવણું કરવામાં આવશે નહી. ઉપરોકત કામ માટે નિયત થયેલ જે તે એજન્સીએ જરૂરી સરનામુ રૂ.૧૦૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર કરવાનું રહેશે. અનિવાર્ય સંજોગોમાં નવા ભાવો નિયત ન થાય ત્યાં સુધી મંજુર થયેલ ભાવો અને શરતોથી કામગીરી કરવાની રહેશે. અને જો તેમ કરવામાં નહી આવે તો ભવિષ્યમાં તેઓને આવી કામગીરી માટે ગેરલાયક ઠેરવવામાં આવશે.

(૧૫) રહેણાંક કોલોનીઓમાં જ્યાં ટાંકી સફાઇની કામગીરી કરવામાં આવે ત્યાંના બ્લોકનમાં રહેતા અધિકારી/કર્મચારીઓની કામગીરી સંતોષકારક રીતે થયેલ છે તે અંગેની સહીઓ ઇજારદારે બ્લોક/કવાર્ટર/બંગલા વાઇઝ લેવાની રહેશે તથા અનુભાગ અધિકારીઓએ આની પ્રક્રિયા પ્રમાણિત કરવાની રહેશે તથા આવા બધા દસ્તાવેજો બીલ સાથે વિભાગીય કચેરીમાં રજુ કરવાના રહેશે.

અન્યથા નિર્ધારીત કરેલ દરના ૫૦ ટકા દરો ચુકવણાં માટે વિચારણામાં લેવામાં આવશે. કુબેરભવન, નર્મદાભવન, કોઠી, કલેકટર કચેરી, સરકારી પ્રેસ એન આર. એન્ડ બી. ભવન જેવી બિન રહેણાંક કચેરીઓમાં આવી કામગીરી થયા અંગે બ્લોક વાઇઝ અને ઘટક

કચેરીના કે જે ૮૦ ટકા ગેજેટેડ અધિકારીઓની સહીઓ લેવાની રહેશે. (આ સાથે સહીઓ અંગેની પ્રફોર્માનું નમુનો સામેલ છે.)

(૧૬) સુચિત કામગીરીના મળેલ ભાવપત્રોમાં જોવા મળેલ સૌથી નીચે ભાવો વાળી (પ્રથમ કક્ષાની) એજન્સી પાસેથી અન્ય એજન્સીઓના નીચા ભાવે કામગીરી કરાવવામાં આવે અથવા તેમની તરફેણમાં તેવા ભાવો મંજુર કરવામાં આવે તેવા કિસ્સામાં અન્ય એજન્સીઓના કોઇ વાંધા કે દલીલો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૧૭) સાફ સફાઇ કરવામાં આવેલ ટાંકીઓના ફોટોગ્રાફ્સ કામગીરીના સમય અને તારીખ સહીતના ટાંકીના અંદરના તેમજ બહારના ભાગના કામગીરીના જે તે બીલ સાથે પ્રમાણીત કરી સાદર કરવાના રહેશે. તે સિવાયના બીલો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૧૮) ટાંકીઓ તેમજ સમ્પની સફાઇ કામગીરીનું ચુકવણું નિયત મુજબ પ્રતિ નંગ લેખે કરવામાં આવશે.

(૧૯) સફાઇ કામગીરી માટે રોકવામાં આવેલ માણસોએ સ્ટરીલાઇઝડ બુટ તેમજ ટોપીઓ વાપરવાની રહેશે. પી.વી.સી. ટાંકીઓ કે પાણી સપ્લાયની લાઇનોને કોઇપણ પ્રકારનું નુકશાન થાય નહી તે બાબતે ખાસ ધ્યાન આપવાનું રહેશે. જો કોઇ નુકશાન થયેલ માલુમ પડશે તો જે તે એજન્સીએ પોતાના ખર્ચે મરામત અગર જરૂર પડે નવી ટાંકી નાખી આપવાની રહેશે.

(૨૦) સફાઇ કામગીરી માટે વાપરવામાં આવતી દવાઓ અને કેમીકલની ગુણવત્તા અંગેનું જે તે વિભાગની માન્યતા અંગેનું જરૂરી પ્રમાણપત્ર તેમજ મશીનરીના માલીકીપણા અંગેના જરૂરી સર્ટીફીકેટની નકલ ચકાસણી કર્યા બાદ જ જરૂરી ભાવપત્ર આપવામાં આવશે.

(૨૧) સાફ સફાઇની કામગીરી અંગેની સેવા સર્વિસ ટેક્ષ નિયમો આધીન છે કે કેમ ? તે ઇજારદારે (ભાવ ભરનારે) સ્પષ્ટ કરવાનું રહેશે. અને જો તેવી કામગીરી માટે સર્વીસ ટેક્ષ લાગુ પડતો હોય તો સર્વીસ ટેક્ષ રજીસ્ટ્રેશન મેળવી લેવાનું રહેશે.

(૨૨) સુચિત કામગીરીના વાર્ષિક ભાવો મંજુર થયેથી તે મુજબ વર્ષમાં ચાર વખત જે તે કામગીરી માટે મળેલ ટી.એસ.ની મળેલ મંજુરીની મર્યાદામાં રહી કરાવવાની રહેશે અને અનિવાર્ય સંજોગોમાં કામગીરી વધી જતી હોય તેવા કિસ્સામાં તેટલી રકમની ટી.એસ.ની મળેલ મંજુરી મેળવી અને જે તે બીલ સાથે તેની નકલ સાદર કરવાની રહેશે.

ઉપરોકત તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ઉપરોકત ૨૨(બાવીસ) શરતો હમને કબુલ મંજુર છે.

ઇજારદારશ્રીની સહી

નાયબ કાર્યપાલક ઇજનેર
શહેર પોલીસ મકાન પેટા વિભાગ
વડોદરા

કાર્યપાલક ઇજનેર
શહેર (મા-મ) વિભાગ
વડોદરા

## :: સંમતિ પત્ર ::

ઇજારદારશ્રીના કરેલ કામગીરીના બીલ સાથે નોન રેસીડેન્સીયલ બિલ્ડીંગમાં કાર્યરત કચેરીના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓની કામગીરી સંતોષકારક થયેલ હોવાનું સંમતિ દર્શાવતું પત્રક ફરજ્યાત સામેલ કરવાનું રહેશે.

નોન રેસીડેન્શીયલ બિલ્ડીંગનું નામ : ______________________________________

| અનુ. નં. | કચેરીનું નામ | અધિકારીશ્રી/કર્મચારીશ્રીનું નામ | સહી |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

ઇજાદારશ્રીની સહિ

નાયબ કાર્યપાલક ઇજનેર
શહેર પોલીસ મકાન પેટા વિભાગ
વડોદરા

કાર્યપાલક ઇજનેર
શહેર (મા-મ) વિભાગ
વડોદરા